# -: વેચાણ દસ્તાવેજ :-

**( અવેજ ₹. /- )**

આજ રોજ તારીખ.........................................

આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને વેચાણ રાખનાર તમો પ્રથમ પક્ષના :-

**શ્રી**

ઉ.આ.વ. :- ધંધો :-

રહેવાસી :-

**PAN:-**

((જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **ખરીદનાર** અગર **એલોટી** અગર **તમો** અગર **તમો પ્રથમ પક્ષનાં** તરીકે સંબોધવામાં આવેલ છે. જેઓનાં સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ રાખનાર તથા તેઓનાં વંશ, વાલી, વારસો, સકસેસર્સ, સરવાઇવર્સ, ટ્રાન્સફરીઝ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એટોર્નીઝ ઇત્યાદીનો સમાવેશ થાય છે.))

| દસ્તાવેજનો પ્રકાર | મોજે ગામ | ટી.પી. નં. | એફ.પી. નં. | બિલ્ડીગનું નામ | ફલેટ નંબર | બિલ્ટઅપ ક્ષે. |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| વેચાણ દસ્તાવેજ | વરીયાવ | ૩૭ | ૮૩ | **શુકન રીવર** | | |

| પહેલા પક્ષનાની સહી | બીજા પક્ષનાની સહી |
| --- | --- |
| | |

જોગ લી....

**આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર યાને વેચાણ આપનાર તે અમો બીજા પક્ષના :-**

- **શ્રી૯૯ ઇન્ફ્રાએવન્યુ એલએલપી (Pan No:- AEXFS1007E) - એક લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ ફર્મ**

  **ઠેકાણુ :-** ડી-૧૧૦૪, અગીયારમો માળ, શુકન હાઇટ્સ, સીગણપોર કોઝવે રોડ, કતારગામ, સુરત-૩૯૫ ૦૦૪.ના વતી અને તરફે તેના અધિકૃત અને વહીવટકર્તા ભાગીદાર તરીકે.....

- **ખોડિદાસ નાથાભાઇ મોરડીયા,**

  ઉ.આ.વ.:- ૪૨, ધંધો:- વેપાર,
  રહેવાસી:- ડી-૧૧૦૪, અગીયારમો માળ, શુકન હાઇટ્સ,
  સીગણપોર કોઝવે રોડ, કતારગામ, સુરત-૩૯૫ ૦૦૪.

((જેઓને હવે પછી આ વેચાણ કરારમાં **વેચનાર** અગર **પ્રમોટર** અગર **અમો** અગર **અમો બીજા પક્ષનાં** તરીકે સંબોધવામાં આવેલ છે. જેઓનાં સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણ આપનાર તથા તેઓનાં વંશ, વાલી, વારસો, સકસેસર્સ, સરવાઇવર્સ, ટ્રાન્સફરીઝ, એકઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, એટોર્નીઝ ઇત્યાદીનો સમાવેશ થાય છે.))

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરતસીટી-૪ (કતારગામ), તાલુકા સુરતસીટી (અડાજણ), શહેર સુરત, **મોજે ગામ વરીયાવ** ના રેવન્યુ સર્વે નંબર ૧૪૦૬, જેનો **બ્લોક નંબર ૧૩૫૬-પૈકી-૧** થી નોંધવામાં આવેલ બીનખેતીની જમીન, જેનું રેવન્યુ દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૧-૦૫-૮૪ ચો.મીટર પૈકી યાને ૧૦,૫૮૪ ચો.મીટર છે, અને આકાર રૂા. ૧૭૨૦.૦૦ પૈસા વાળી, કે જેનો **ટી.પી.સ્કીમ નંબર ૩૭ (વરીયાવ)** માં સમાવેશ થતા, તેને **ફાઇનલ પ્લોટ નંબર ૮૩** ફાળવવામાં આવેલ, જે ફાઇનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૬૮૮૦ ચો.મીટર** વાળી બિનખેતીની જમીન, ઉપર રહેઠાણનાં હેતુ માટે **શુકન રીવર** નામથી **એ, બી, સી, ડી, ઇ, એફ, જી, એચ** એમ કુલ ૮ (આઠ) બિલ્ડીગોનું આયોજન કરવામાં આવેલ, જે પૈકી **બિલ્ડીગ નંબર** ...... ના .............. **માળે** આવેલ **ફલેટ નંબર** .............. વાળી મિલકત, (જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજનાં લેખમાં **સદરહુ મિલકત** એવી રીતે સંબોધવામાં આવેલ છે. જેનું વિગતે વર્ણન નીચે **શિડયુલ** માં આપવામાં આવેલ છે.) સદરહું મિલકત અમો બીજાપક્ષનાની સંપુર્ણ અને સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટ વ્યવસ્થા હેઠળની ચાલી આવેલી છે. સદરહું મિલકત અંગે અમો બીજાપક્ષનાને વ્યવસ્થા, સંચાલન, નિકાલ, વિગેરે કરવા-કરાવવાનો હક્ક અને અધિકાર છે. તે હક્ક અને અધિકારની રૂએ તમો પહેલા પક્ષનાને સદરહું મિલકત આ વેચાણ દસ્તાવેજથી લખી આપી વેચાણ આપીએ છીએ.

સદરહુ મિલકત તમો પહેલા પક્ષના યાને વેચાણ રાખનારને અમો બીજા પક્ષના યાને વેચાણ આપનારે વેચાણ થી આપવાનું નક્કી કરેલ છે. મજકુર વેચાણ આપેલ સદરહુ મિલકતનો વેચાણ અવેજ **₹. ............................................/- અંકે રૂપિયા ................................................................................ પુરા** નક્કી કરવામાં આવેલ, પાલન કરવાનું રહેશે. અને જે અંગે આપણે પક્ષનાઓ વચ્ચે રેરા કાયદાની કલમ-૧૪ મુજબ તારીખ ........................ ના રોજ લેખિત વેચાણ કરાર કરવામાં આવેલ, જે વેચાણ કરાર મહે. સુરતસીટી-૭ (હજીરા) ના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ (એક) નંબરની બુકમાં અનુક્રમ નંબર .............................. થી તારીખ .................................... ના રોજ નોંધાયેલ છે. આપણે બંને પક્ષકારોએ ઉપરોકત વર્ણવેલ રેરાનાં કાયદાની જુદી જુદી કલમોનું સંપુર્ણપણે પાલન કરવામાં આવેલ, જેની સ્પષ્ટતા કરવામાં આવે છે. તેમજ તમો પહેલા પક્ષના યાને ખરીદનારાએ તથા તમારા પછીના તમામ ખરીદનારાએ ઉપરોકત કરારની તમામ શરતો સહીત સંપૂર્ણપણે પાલન કરવાનું છે. તેમજ તમો પહેલા પક્ષનાએ વેચાણ અવેજના સંપૂર્ણ નાણાં/રકમ અમો બીજા પક્ષનાને નીચે મુજબની વિગતે ચુકવી આપેલ છે.

**...............અવેજ વસુલ મળ્યાની વિગત...............**

| દસ્તાવેજનો પ્રકાર | મોજે ગામ | ટી.પી. નં. | એફ.પી. નં. | બિલ્ડીગનું નામ | ફલેટ નંબર | બિલ્ટઅપ ક્ષે. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ દસ્તાવેજ | વરીયાવ | ૩૭ | ૮૩ | **શુકન રીવર** | | |

| પહેલા પક્ષનાની સહી | બીજા પક્ષનાની સહી |
|---|---|
| | |

| ક્રમ | બેંકનું નામ (વિગત) | ચેક નંબર | તારીખ | રકમ ₹. |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | **કુલ રકમ ₹.** | |

ઉપરોકત વિગતો મુજબ વેચાણ અવેજના ચુકતે નાણા/રકમ તમો પહેલા પક્ષના પાસેથી પુરેપુરા અમો બીજા પક્ષનાને મળી ગયેલ છે. જેનો અમો બીજા પક્ષનાએ આથી એકામતે, એકાજતે, કબુલ કરીએ છીએ અને સ્વીકારીએ છીએ. જેની આ થકી અમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને પાકી પહોંચ યાને રસીદ લખી આપીએ છીએ. જેથી ભવિષ્યમાં અવેજ નહી મળ્યાની કે ઓછો મળ્યાની અમારી કે અમારા વંશ, વાલી, વારસોની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલી શકશે નહી અને કરવામાં આવે તો તે આ દસ્તાવેજથી રદબાતલ થાય સહી.

આમ, અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને સદરહુ મિલકતના તમામ માલિકી હક્કો તમારા તરફે કબુલ, મંજુર કરી આ વેચાણ દસ્તાવેજથી તબદીલીનો વ્યવહાર પુર્ણ કર્યો છે. અને તમો પહેલાપક્ષનાને શીડયુલવાળી મિલકતના સુવાંગ માલિક, મુખત્યાર અને કબજેદાર થયાનું અમો આ વેચાણ દસ્તાવેજથી કબુલ કરી જાહેર કરીએ છીએ.

**જત્ તમો પહેલા પક્ષના યાને એલોટીને અમો બીજા પક્ષના યાને પ્રમોટરે સદરહુ મિલ્કતનો વેચાણ દસ્તાવેજ નીચેની વિગતે અને શરતોએ કરી આપીએ છીએ :-**

(૧) જત્ **શ્રીલ્લ ઇન્ફ્રાએવન્યુ એલએલપી - એક લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ ફર્મ** જે **તારીખ** ............................ નાં રોજ શરૂ થઇને અસ્તિત્વમાં આવેલ, તે મુજબ મજકુર પેઢી વતી અને તરફે તેના અધિકૃત અને વહીવટકર્તા ભાગીદાર તરીક તરીકે અમો બીજા પક્ષનાંની નિમર્ણુક કરવામાં આવેલ, અને તે મુજબ તમો પહેલા ને સદરહુ મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપીએ છીએ.

ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ તથા તાલુકા અડાજણ, **મોજે ગામ વરીયાવ** ના **રેવન્યુ સર્વે નંબર ૧૪૦૬** વાળી ખેતીની જમીનનાં મુળ માલિક પરાગજી રણછોડજી ચાલી આવેલ તેઓ તારીખ ૦૬/૦૬/૧૯૨૪ ના રોજ ગુજરી જવાથી તેમના ભત્રીજા છોટાલાલ મગનલાલનું નામ વારસાઇ રૂએ દાખલ કરવામાં આવેલ. જે અંગેની ગામ નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ ૭૨૮ થી તારીખ ૨૫/૧૨/૧૯૫૧ ના રોજ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીન માં ધી બોમ્બે ટેનન્સી એન્ડ એગ્રીકલ્ચર એકટ ૧૯૪૮ નો વડોદરા રાજયને લાગુ કરેલ હોય તે અન્વયે સુધારેલી કલમો મુજબ કલમ-એ પ્રમાણે તારીખ ૦૧/૦૮/૧૯૫૦ ના રોજ જે ગણોતીયા હોય તે આપોઆપ સંરક્ષીત ગણોતીયા ઠરી જાય છે. જેથી સદર પરાગભાઇ વહાલાભાઇનું નામ સદરહુ સર્વે નંબર વાળી જમીનમાં ગણોતીયા તારીખ ૦૧/૦૮/૧૯૫૦ ના રોજ પાણીપત્રકમાં ચાલતા હોવાથી સંરક્ષીત ગણોતીયા તરીકે ઠરાવવા મહે. મામલતદાર સાહેબના હુકમ મુજબ સંરક્ષીત ગણોતીયાના રેકર્ડપત્રકમાં નોંધ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૮૫૩ થી તારીખ ૦૧/૦૧/૧૯૫૪ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીનમાં મુંબઇ ગણોતધારાની કલમ ૫ મુજબ સાધારણ ગણોતીયાનું નામ ૭/૧૨ ના બીજા હક્કમાં દાખલ કરવા મે.મા.સા. ના સરકયુલર નંબર ટેનન્સી ૨૮/૦૮/૧૯૫૪ મુજબ ઇચ્છુભાઇ પરાગજીનું નામ દાખલ કરવા નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૯૬૧ થી તારીખ ૧૯/૧૦/૧૯૫૪ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

મજકુર જમીનમાં ગણોતીયા તરીકે પરાગજી વહાલજી નામ ચાલી આવેલ છે જેઓ ગુજરી જવાથી તેમના વારસો તરીકે ઇચ્છુભાઇ પરાગજી, હરીભાઇ પરાગજી, તથા બાઇ ડાહી તે પરાગજી વહાલજીની

વિધવાનું નામ દાખલ કરવા અંગે નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હક્ક-પત્રક)માં નોંધ નંબર ૧૦૩૪ થી તારીખ ૦૬/૧૦/૧૯૫૫ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીનમાં ટેનન્સી કાયદાની કલમ ૩૨(ગ) મુજબ મા.સા. હુકમ મુજબ માલિક છોટાલાલ મગનલાલ એ ગણોતીયા ઇચ્છુભાઇ પરાગજીને રૂા. ૧,૩૩૦/- અંકે રૂપિયા એક હજાર ત્રણસો ત્રીસ પુરામાં વેચાણ આપેલ. જે નોંધ મહે. મામલતદારે તેઓના આદેશ નંબર ૩૦૫૫ તારીખ ૨૪/૧૧/૧૯૬૧ મુજબ નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૬૦૫ થી તારીખ ૨૪/૧૧/૧૯૬૧ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ ૨૬/૧૨/૧૯૬૧ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીનમાં ઇચ્છુભાઇ પરાગજીભાઇ વિગેરેના ગણોત હક્કે ચાલે છે આ જમીનની ખરીદ કિંમતની રકમ રૂા. ૧,૩૩૦/- અંકે રૂપિયા એક હજાર ત્રણસો ત્રીસ પુરા જમીન માલિક છોટાલાલ મગનલાલને ભરવાથી બીજા હક્કમાંથી બોજાની નોંધ કમી કરી મહે. ખેતીની જમીન બાબતના ન્યાયાધિકરણના અધ્યક્ષ, સુરતના હુકમ નંબર ૩૦૫, સુરત તારીખ ૧૮/૧૧/૧૯૬૩ મહે. મામલતદાર સાહેબ તરફથી ૩૨ (એમ) નું સર્ટીફીકેટ આપવાથી જમીન માલિકનો બોજો કમી કરવા નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૯૬૦ થી તારીખ ૨૦/૧૧/૧૯૬૩ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ ૨૬/૧૨/૧૯૬૩ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીન માલિક ઇચ્છુભાઇ પરાગજીભાઇના નામે ચાલતી હતી. પરંતુ તેઓ વરીયાવ ગામે તારીખ ૨૫/૦૩/૧૯૭૦ ના રોજ મરણ પામ્યા હોવાથી તેમના વારસામાં કોઇપણ સંતાન ન હોવાથી વારસાઇ હક્કે તેમના પત્નિ વિધવાબાઇ ગંગાબેન ઇચ્છુભાઇનું નામ પક્ષકારોના જવાબના આધારે તેમજ વારસાઇ હક્કે નામ દાખલ કરવા નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૨૭૪૮ થી તારીખ ૨૯/૦૮/૧૯૭૦ ના રોજ કરવામાં આવેલ; જે નોંધ તારીખ ૦૫/૧૧/૧૯૭૦ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીન માલિક ગંગાબેન ઇચ્છુભાઇ એ વહેંચણ લેખથી એમના પૌત્ર (૧) ધીરજલાલ રામજીભાઇ અને (૨) પ્રવીણભાઇ રામજીભાઇને નામે કરવા સદર જમીનમાં એકનું નામ કમી કરી પ્રવીણભાઇ રામજીભાઇનું નામ સદરહુ જમીનમા દાખલ કરવા પક્ષકારોના જવાબ તથા પંચકયાસ આધારે નોંધ કરી. જે અંગેની નોંધ ગામનાં નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૪૨૯૦ થી તારીખ ૧૯/૦૪/૧૯૮૩ ના રોજ કરવામાં આવેલ; જે નોંધ તારીખ ૨૯/૧૧/૧૯૮૩ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, એકત્રીકરણ યોજના અમલીકરણ બાબતે મહેરબાન સેટલમેન્ટ અને જમીન રેકર્ડ નિયામક ગુજરાત રાજય અમદાવાદના હુ.નં.સેટલમેન્ટ કમીશ્નર અને જમીન રેકર્ડઝ નિયામક ગુજરાત રાજય અમદાવાદની કચેરી અમદાવાદ તારીખ ૧૨/૦૮/૧૯૭૦ ના હુકમ આધારે એકત્રીકરણ યોજના પ્રમાણે ડી.સ.ચો.મી. તથા ગામનું રેકર્ડ સુધારવા માટે તથા સરકારશ્રીના રી. ખાતાના ઠરાવ નંબર ૭૫૧૯/૨૪ તારીખ ૧૦/૧૨/૧૯૨૬ તથા લે.રે.રૂલ ૧૬ અનુસાર સરકારશ્રીના હુકમોને આધિન રહી તથા મહે. મદદનીશ એકત્રી અધિકારી શ્રી સુરતના નં. હા. મા કે.જે.સી. તારીખ ૦૮/૦૬/૧૯૮૨ ની ગામે નોંધ કરવાનું તથા મહે. મા.સાહેબ ચોર્યાસી ના હુકમ નંબર કે.જે.સી. / વશી / ૨૩૪૪ / ૮૨ સુરત તારીખ ૩૦/૧૨/૧૯૮૨ આધારે ગામે જરૂરી રેકર્ડ લખી સુધારા વધારા કરવાનુ સદરહુ હુકમ આધારે સદરહુ રેવન્યુ સર્વે નંબર ૧૪૦૬ વાળી જમીનને બ્લોક નંબર ૧૩૫૬ આપવામાં આવેલ. જે એકત્રીકરણ અંગેની નોંધ ગામના નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૪૩૩૦ થી તારીખ ૦૯/૦૯/૧૯૮૩ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, દશાંશ પધ્ધતીમાં રૂપાંતર કરવા બાબતે મોજે વરીયાવ, તાલુકો ચોર્યાસી ગામે ગામના નંબર ૭+૧૨ ના એકર ગુઠાની જંત્રી ઉપરથી હેકટર સારે પાડવામાં આવેલ છે. જયારે ડીસ્ટ્રીકટ સર્વે કચેરીમાં વીઘા વસાની નંબર ૧ તૈયાર કરવામાં આવેલ છે. આમ દશાંશ પધ્ધતીમાં ફેરફાર હોય ડ્રી. સર્વે

| દસ્તાવેજનો પ્રકાર | મોજે ગામ | ટી.પી. નં. | એફ.પી. નં. | બિલ્ડીંગનું નામ | ફ્લેટ નંબર | બિલ્ટઅપ ક્ષે. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ દસ્તાવેજ | વરીયાવ | ૩૭ | ૮૩ | **શુકન રીવર** | | |

| પહેલા પક્ષનાની સહી | બીજા પક્ષનાની સહી |
|---|---|
| | |

ઓફીસના રેકર્ડ સાથે મેળ પડતો ન હોવાથી મહે. મદદનીશ એકત્રીકરણ સાહેબ ૧ સુરતના નંબર / કોન / વરીયાવ તારીખ ૨૯/૧૦/૧૯૮૩ ના હુકમ અનુસાર ગામનાં ફેરફાર પત્રક નંબર ૧ તથા ફેરફાર પત્રકો મુજબ દરેક નંબરોમાં વીઘા-વસાની હેકટરની આરેમાં પત્રકમાં નોંધ નંબર ૪૩૪૭ થી તારીખ ૨૯/૧૦/૧૯૮૩ ના રોજ કરવામાં આવેલ, જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીનના માલિક પ્રવીણભાઇ રામજીભાઇને શહેરી જમીન ટોચ મર્યાદા હેઠળ યુ.એલ.સી-૬ (૧) કેસ નંબર ૬ / ૭૫૮ / વરીયાવ યુ.પ. ૨૪-૧૨-૯૧ થી જાહેર કરેલ હોય જેની નોંધ નાયબ કલેકટર શહેરી જમીન ટોચ મર્યાદાના તારીખ ૦૪/૦૧/૧૯૯૨ ના હુકમ મુજબ નોંધ કરી. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૦૦૫૬ થી તારીખ ૦૧/૦૨/૧૯૯૪ ના રોજ કરવામાં આવેલ; જે નોંધ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીન નવી શરતે ચાલી આવેલ હોય પરંતુ વરીયાવ ગામના રેકર્ડના કોમ્પ્યુટરાઇઝેશન સમયે જમીનનો સત્તા પ્રકાર લખવામાં થયેલ ચુક સુધારવા અંગે મહે. મામલતદાર સાહેબ ચોર્યાસીને રીપોર્ટ ઉપર આપેલ હુકમ નંબર : આર ટી એસ / સુધારા રજી.નં. ૧૪૮ / ૦૫ તારીખ ૨૭/૦૩/૨૦૦૬ થી નવી શરતની જમીન એમ જમીનના સત્તા પ્રકારનો સુધારો કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામના નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૨૨૬૭ થી તારીખ ૩૧/૦૩/૧૯૬૭ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ ૨૮/૧૧/૨૦૦૬ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ પ્રાદેશીક ફેરફાર મુજબ વરીયાવ ગામ નિકાલની નોંધ મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નંબર : (જે)બખ / તપસ / વશી / ૪૮૯૭ / ૦૬ તારીખ ૧૯/૧૦/૨૦૦૬ માં જણાવ્યા મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નંબર : કેવી / ૨૬ / એસએમએન / ૯૦૨૦૦૬ / ૪૧૦ / પી તારીખ ૧૪/૦૨/૨૦૦૬ તથા જાહેરનામા નંબર : કેવી / ૨૧૨ / ૦૬ / એસએમએન / ૯૦૨૦૦૬ / ૪૧૦ / પી તારીખ ૨૦/૦૭/૨૦૦૬ થી આઠ નગર પાલિકા તથા ૨૭ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે. આ સુરત મહાનગરપાલિકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના વરીયાવ ગામનો સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવા પ્રાદેશીક ફેરફાર કરવાની સુચના મુજબ નોંધ કરી. જે અંગેની નોંધ ગામના નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૨૪૦૯ થી તારીખ ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ મોજે વરીયાવ ગામની જમીન મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નંબર : (જે) બખ / તપસ / વશી / ૪૮૯૭ / ૦૬ તારીખ ૧૯/૧૨/૨૦૦૬ ના રોજ જણાવ્યા મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નંબર : કેવી / ૨૧૨ / ૨૦૦૬ / એસ.એમ.એન / ૯૦૨૦૦૬ / ૪૧૦ / પી તારીખ ૨૦/૦૭/૨૦૦૬ થી સતાવીસ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે. આમ સુરત મહાનગર પાલિકાની હદનનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના વરીયાવ ગામની સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવા પ્રાદેશીક ફેરફારની નોંધ ગામ નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૨૪૧૦ થી તારીખ ૨૨/૧૨/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ ૨૭/૧૨/૨૦૦૬ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીનમાં મહે. સંયુકત સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગુજરાત રાજયના ઠરાવ ક્રમાંક : આર.એ.એમ. / ૧૦૨૦૦૬ / ૨૦૬૩ / લ-૧ તારીખ ૧૨/૦૬/૨૦૦૬ થી આપેલ સુચના અનુસાર મહે. કલેકટર સાહેબ, સુરતની યાદી નંબર : જમન / કોમ્પ્યુટરાઇઝ રેકર્ડ પ્રમોલગેશન / ૦૬ તારીખ ૧૯/૦૬/૨૦૦૬ થી આપેલ સુચના મુજબ સુધારો કરવા મામલતદારશ્રી સીટી તાલુકા સુરતનાએ તારીખ ૦૬/૦૮/૨૦૦૮ ના રોજ કરેલ સુધારા હુકમ નંબર જમન / પ્રમોલગેશનસુધારા હુકમ / મોજે વરીયાવ / રજી. ૧૧૪ / ૦૮ થી નોંધ નંબર ૪૨૯૦ લખવો એવી નોંધ કરેલ. જે અંગેની નોંધ ગામના નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૨૭૨૬ થી તારીખ ૦૧/૦૯/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ; જે નોંધ તારીખ ૧૭/૧૧/૨૦૦૮ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીન અંગે સક્ષમ અધિકારી અને અધિક કલેકટર સાહેબ સુરત તરફથી

તેમના તારીખ ૨૬/૦૯/૨૦૦૫ ના પત્ર ક્રમાંક : યુ.એલ.સી. / ૬ (૧) ૬-૭૫૮ / વરીયાવ / વશી-૯૩૧ / ૦૫ સવાલવાળી જમીન પૈકી ૯૦૮૪ જમીન ફાજલ જાહેર કરવામાં આવેલી. જે સરકારશ્રીને સમીક્ષા અર્થે મોકલતા સમીક્ષા એકમ ગાંધીનગરનાં તારીખ ૦૮/૦૪/૧૯૯૯ ના પત્રથી રાજયમાં શહેરી જમીન ટોચ મર્યાદા ધારો તારીખ ૩૦/૦૩/૧૯૯૯ થી રદ થતા નિકાલ બાકી કાર્યવાહી બંધ પડતી હોવાથી તે અંગે " ના વાંધા પ્રમાણપત્ર " આપવામાં આવેલ. જે અંગેની નોંધ ગામના નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૩૪૩૦ થી તારીખ ૩૧/૦૭/૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ; જે નોંધ તારીખ ૨૫/૧૦/૨૦૧૨ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા નામંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીનમાં શહેરી જમીન ટોચ મર્યાદા ધારાની જોગવાઇ અનુસાર સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી (જ.સુ.) સુરતના તારીખ ૦૪/૦૧/૧૯૯૨ નાં હુકમથી જમીન ફાજલ જાહેર કરવામાં આવેલ. જે હુકમથી જમીન ધારકશ્રીએ સુરત શહેરી જમીન પંચ મહેસુલ વિભાગમાં અપીલ ક્રમાંક : ૪૦/૯૨ દાખલ કરતા શહેરી જમીન મહેસુલ પંચ વિભાગે તારીખ ૨૩/૧૦/૧૯૯૬ ના હુકમમાં જણાવ્યા મુજબ સક્ષમ અધિકારીશ્રીનો તારીખ ૦૪/૦૧/૧૯૯૨ નો હુકમ રદ કરી ફરીથી નિર્ણય કરવા કેસ સમક્ષ અધિકારીશ્રી અને નાયબ કલેકટરશ્રી યુએલસી સુરતને રીમાન્ડ કરવામાં આવેલ ત્યારબાદ સદરહુ હુકમ સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરે રીવ્યુ લેતા સબબ શહેરી જમીન ટોચ મર્યાદા ધારો તારીખ ૩૦/૦૩/૧૯૯૯ ના રોજ રદ થવાના સમય સુધીમાં પ્રશ્નવાળી જમીન વધારાની ફાજલ પરંતુ તેની ઉપર મુજબ સરકાર હસ્તક કબજો લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. જે કામે સક્ષમ અધિકારી અને અધિક કલેકટર (જ.સુ.) સુરતનાએ તારીખ ૧૧/૦૬/૨૦૧૩ ના રોજ પત્ર નંબર : યુ.એલ.એી. / ૬(૧) / વરીયાવ / અભિપ્રાય / વશી.૪૬૪ / ૧૩ થી જાણ કરેલ. જે અંગેની નોંધ ગામના નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં એન્ટ્રી નંબર ૧૩૮૨૮ થી તારીખ ૦૧/૧૧/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ; જે નોંધ તારીખ ૩૧/૦૧/૨૦૧૪ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા નામંજુર કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીનમાં પ્રવિણભાઇ રામજીભાઇએ વાદી તરીકે સદરહુ જમીનમાં પડેલ ફેરફાર નોંધ ૧૩૮૨૮ તારીખ ૦૧/૧૧/૨૦૧૩ વિરૂધ્ધ અપીલ અરજી કરેલ જે કામે મહે. નાયબ કલેકટરશ્રી સીટી પ્રાંત સુરતનાએ હુકમ નંબર : આરટીએસ / અપીલ નં. ૭૧ / ૨૦૧૪ તારીખ ૨૧/૦૬/૨૦૧૪ થી વાદીની અપીલ અરજી સ્વીકારવા પાત્ર જણાતી હોય મંજુર કરવામાં આવેલ. અને સદરહુ નોંધ નંબર ૧૩૮૨૮ તારીખ ૦૧/૧૧/૨૦૧૩ નામંજુર કરતો સ.ઓ.અડાજણનો તારીખ ૩૧/૦૧/૨૦૧૪ નો નિર્ણય રદ કરી સદરહુ નોંધ પ્રમાણિત કરવા હુકમ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામના નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૪૦૬૬ થી તારીખ ૨૭/૦૬/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ ૧૧/૦૮/૨૦૧૪ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીનમાં નામદાર ગુજરાત સરકારશ્રીએ પ્રવિણભાઇ રામજીભાઇની વિરૂધ્ધ નવી શરતની જમીનમાં વારસાઇની નોંધ નંબર ૨૭૪૮ અંગે કેસ ઉપસ્થિત કરવામાં આવેલ. જેમાં મામલતદાર અને કૃષિપંચ સુરત શહેર અડાજણનાએ સદરહુ જમીનની ફેરફાર નોંધ નંબર ૪૨૯૦ તારીખ ૧૯/૦૪/૧૯૮૩ થી વહેંચણથી દાખલ થયેલ ઇસમ પ્રવિણભાઇ રામજીભાઇ પ્રશ્નવાળી જમીનના મુળ સંરક્ષિત ગણોતીયા પરાગભાઇ વહાલાભાઇના પૌત્ર તેમજ આ જમીનમાં ગણોતીયા કરેલ ઇચ્છુભાઇ પરાગજીભાઇના ભત્રીજા તેમજ વરીયાવના જન્મજાત ખેડુત હોઇ તેમજ મર્હુમ નિ:સંતાન બાઇ ગંગાબેન તે ઇચ્છુભાઇ પરાગભાઇની વિધવાએ તારીખ ૧૫/૦૯/૧૯૭૨ ના રોજ કરેલ રજીસ્ટર્ડ વીલ આધારે પ્રશ્નવાળી જમીન લાભીત થતા હોઇ તેમજ હિન્દુ વારસાહક અધિનિયમ ૧૯૫૬ મુજબ પ્રશ્નવાળી જમીનમાં જેઓના નામ દાખલ કરવા પાત્ર થતા હતા તેઓ પૈકીના કોઇએ વહેંચણથી પ્રવિણભાઇ રામજીભાઇ પટેલનુ નામ પ્રશ્નવાળી જમીનમાં વહેંચણથી દાખલ કરવા બાબતે કોઇ વાંધા કે તકરાર ઉઠાવેલ નહી હોઇ, અત્રેથી ગણોતધારાની કલમ-૨(૨), ૨(૬) ના ભંગ તેમજ ગણોતધારાની કલમ - ૪૩ અને ૬૩ ના ઉલ્લંઘન બદલ કાર્યવાહી કરવા માટે પગલા લેવા માટે આપેલી નોટીસ પરત ખેંચી લેવા મામલતદાર અને કૃષિપંચ સુરત શહેર અડાજણનાએ હુકમ કરેલ. જે હુકમ અંગેની નોંધ ગામના નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૪૪૦૮ થી તારીખ ૦૨/૦૩/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ; જે નોંધ તારીખ ૨૯/૦૪/૨૦૧૫ ના રોજસક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

| દસ્તાવેજનો પ્રકાર | મોજે ગામ | ટી.પી. નં. | એફ.પી. નં. | બિલ્ડીગનું નામ | ફ્લેટ નંબર | બિલ્ટઅપ ક્ષે. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ દસ્તાવેજ | વરીયાવ | ૩૭ | ૮૩ | **શુકન રીવર** | | |

| પહેલા પક્ષનાની સહી | બીજા પક્ષનાની સહી |
|---|---|
| | |

ત્યારબાદ, સદરહુ જમીન અંગે નાયબ કલેકટરશ્રી, સીટી પ્રાંત, સુરતનાએ તેમના હુકમ નંબર એડીએમ / ગણોત / રીવ્યુ રજી. નં. ૧૪૫૧ / ૧૫ તારીખ ૧૧/૦૩/૨૦૧૫ થી મામલતદાર અને કૃષિપંચ અડાજણના હુકમ નંબર ગણોત કેસ નંબર ૭૪/૨૦૧૪, ગ.ધ.ક.-૪૩ અને ૬૩/૭૦ (એ) તારીખ ૨૦/૦૨/૨૦૧૫ મુજબ પ્રશ્ન વાળી જમીનમાં ગામ દફતરે પડેલ ફેરફાર નોંધ નંબર ૪૨૯૦ તારીખ ૧૯/૦૪/૧૯૮૩ થી મુળ જમીન માલિકના વારસદારોના નામો વહેંચણીથી દાખલ થયેલ હોય મામલતદાર અને કૃષિપંચ અડાજણ દ્વારા આપવામાં આવેલ ગણોતધારાની કલમ ૪૩ અને ૬૩ ના ઉલ્લંઘન બદલ કાર્યવાહી કરવા માટે આપેલ નોટીસ પરત ખેંચવા હુકમ કરવામાં આવેલ જે હુકમ રીવ્યુમાં લેતા યોગ્ય અને બરાબર ઠરાવેલ છે. જે હુકમ અંગેની નોંધ ગામના નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૪૪૬૫ થી તારીખ ૧૩/૦૪/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ; જે નોંધ તારીખ ૧૫/૦૬/૨૦૧૫ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીન નવી શરતમાંથી રહેઠાણના હેતુ માટે જુની શરતમાં ફેરવવા માટે અમો બીજા પક્ષનાએ મહે. કલેકટર સાહેબને અરજી કરેલ જેઓના હુકમ નંબર : ગણત-૪ / રી.રજી.નં. ૩૦ / ૧૫ / વશી. ૭૫૧ થી ૭૫૯ / ૧૬ ઓનલાઇન ફાઇલ નંબર ૧૭૧૦૦ તારીખ ૦૧/૦૩/૨૦૧૬ ના હુકમથી સદરહુ જમીનને જુની શરતમાં ફેરફાર કરવા હુકમ કરેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૪૯૧૮ થી તારીખ ૧૬/૦૩/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ; જે નોંધ તારીખ ૧૩/૦૫/૨૦૧૬ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીન ખેતીની ચાલી આવેલ, મે. મહાવીર હાઇટસ એક ભાગીદારી પેઢી બિનખેડુત હોવાથી મહે. નાયબ કલેકટર સીટી પ્રાંત સાહેબને બિનખેડુતને સદરહુ જમીન વેચાણ કરવા માટે અરજી કરેલ છે. જેઓના હુકમ નંબર એડીએમ / ગ.ધા.ક. ૬૩ / વશી. ૭૨૯/૨૦૧૬ રજી. નંબર ૦૭/૨૦૧૬ તારીખ ૨૧/૦૩/૨૦૧૬ વેચાણ પરવાનગી આપેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૪૯૨૬ થી તારીખ ૨૩/૦૩/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ; જે નોંધ તારીખ ૧૩/૦૫/૨૦૧૬ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીનના માલિક, મુખત્યાર અને કબજેદાર તરીકે પ્રવિણભાઇ રામજીભાઇ ચાલી આવેલા. તેઓની પાસેથી સક્ષમ અધિકારીશ્રીઓની પરવાનગીના આધારે મે. મહાવીર હાઇટસ એક ભાગીદારી પેઢીએ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતસીટી-૮ (રાંદેર) ના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર ૩૩૩ થી તારીખ ૨૩/૦૩/૨૦૧૬ ના રોજ નોંધાયેલ. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૪૯૩૪ થી તારીખ ૩૧/૦૩/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ; જે નોંધ તારીખ ૨૩/૦૫/૨૦૧૬ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદસરહુ જમીન અંગે બિનખેતી ઉપયોગની પરવાનગી મેળવવા માટે કરવામાં આવેલ અરજીના અનુસંધાનમાં મહે. કલેકટર સુરતનાએ તેમના હુકમ ક્રમાંક : એ / બખપ / એસ.આર. નં. ૫૫૮ / ૧૬ / ID. No. 30374 / વશી. ૧૧૭૪૭ થી ૧૧૭૬૧ / ૧૬, તારીખ ૦૩/૧૧/૨૦૧૬ થી રહેણાંક હેતુસર બિનખેતી ઉપયોગની પરવાનગી આપેલ હતી. જે અંગેની નોંધ ગામ નમુના નંબર ૬ (હક્ક-પત્રક) માં નોંધ નંબર ૧૫૨૫૬ થી તારીખ ૧૬/૧૨/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ; જે નોંધ તારીખ ૨૮/૦૨/૨૦૧૭ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહુ જમીનનો સમાવેશ **ટી.પી.સ્કીમ નંબર ૩૭ (વરીયાવ)** માં સમાવેશ થવાથી, સદરહુ જમીનને મુળખંડ નંબર ૬૬, અને **ફાઇનલ પ્લોટ નંબર ૮૩** ફાળવવામાં આવેલ, ફાઇનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૬૮૮૦ ચો.મીટર** નક્કી કરવામાં આવેલ.

આમ, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરતસીટી-૪ (કતારગામ), તાલુકા સુરતસીટી (અડાજણ), શહેર સુરત, **મોજે ગામ વરીયાવ** ના રેવન્યુ સર્વે નંબર ૧૪૦૬, જેનો **બ્લોક નંબર ૧૩૫૬-પૈકી-૧** થી નોંધવામાં આવેલ બીનખેતીની જમીન, જેનું રેવન્યુ દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૧-૦૫-૮૪ ચો.મીટર પૈકી યાને ૧૦,૫૮૪ ચો.મીટર છે, અને આકાર રૂા. ૧૭૨૦.૦૦ પૈસા વાળી, કે જેનો **ટી.પી.સ્કીમ**

| દસ્તાવેજનો પ્રકાર | મોજે ગામ | ટી.પી. નં. | એફ.પી. નં. | બિલ્ડીગનું નામ | ફ્લેટ નંબર | બિલ્ટઅપ ક્ષે. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ દસ્તાવેજ | વરીયાવ | ૩૭ | ૮૩ | **શુકન રીવર** | | |

| પહેલા પક્ષનાની સહી | બીજા પક્ષનાની સહી |
|---|---|
| | |

**નંબર ૩૭ (વરીયાવ)** માં સમાવેશ થતા, તેને **ફાઇનલ પ્લોટ નંબર ૮૩** ફાળવવામાં આવેલ, જે ફાઇનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૬૮૮૦ ચો.મીટર** વાળી બિનખેતીની જમીનના મે. મહાવીર હાઇટસ એક ભાગીદારી પેઢી માલિક અને મુખત્યાર અને કબજેદાર તરીકે ચાલી આવેલ છીએ. તેઓની પાસેથી સદરહુ જમીન શ્રીલ૯ ઇન્ફ્રાએવન્યુ એલએલપી - એક લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ ફર્મએ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતસીટી-૪ (કતારગામ) ના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં. ૮૯૧૧ થી તારીખ ૧૭/૦૩/૨૦૨૩ ના રોજ નોંધાયેલ. જે અંગેની નોંધ ગામ નમુના નં. ૬ (હક્ક-પત્રક) માં નોંધ નં. ૧૭૬૮૮ થી તારીખ ૨૯/૦૩/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ; જે નોંધ તારીખ ૦૬/૦૫/૨૦૨૩ ના રોજ સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરતસીટી-૪ (કતારગામ), તાલુકા સુરતસીટી (અડાજણ), શહેર સુરત, **મોજે ગામ વરીયાવ** ના રેવન્યુ સર્વે નંબર ૧૪૦૬, જેનો **બ્લોક નંબર ૧૩૫૬-પૈકી-૧** થી નોંધવામાં આવેલ બીનખેતીની જમીન, જેનું રેવન્યુ દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૧-૦૫-૮૪ ચો.મીટર પૈકી યાને ૧૦,૫૮૪ ચો.મીટર છે, અને આકાર રૂા. ૧૭૨૦.૦૦ પૈસા વાળી, કે જેનો **ટી.પી.સ્કીમ નંબર ૩૭ (વરીયાવ)** માં સમાવેશ થતા, તેને **ફાઇનલ પ્લોટ નંબર ૮૩** ફાળવવામાં આવેલ, જે ફાઇનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૬૮૮૦ ચો.મીટર** વાળી બિનખેતીની જમીનમાં, રહેણાંકના બાંધકામના પ્લાનો, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનએ મંજુર કરીને, બાંધકામ અને વિકાસની પરવાનગી, રજાચિઠ્ઠી નંબર : T.D.O. / DP / No. ૧૪૬, તારીખ ૨૬/૦૫/૨૦૨૩ થી આપવામાં આવેલ.

આમ, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરતસીટી-૪ (કતારગામ), તાલુકા સુરતસીટી (અડાજણ), શહેર સુરત, **મોજે ગામ વરીયાવ** ના રેવન્યુ સર્વે નંબર ૧૪૦૬, જેનો **બ્લોક નંબર ૧૩૫૬-પૈકી-૧** થી નોંધવામાં આવેલ બીનખેતીની જમીન, જેનું રેવન્યુ દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૧-૦૫-૮૪ ચો.મીટર પૈકી યાને ૧૦,૫૮૪ ચો.મીટર છે, અને આકાર રૂા. ૧૭૨૦.૦૦ પૈસા વાળી, કે જેનો **ટી.પી.સ્કીમ નંબર ૩૭ (વરીયાવ)** માં સમાવેશ થતા, તેને **ફાઇનલ પ્લોટ નંબર ૮૩** ફાળવવામાં આવેલ, જે ફાઇનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૬૮૮૦ ચો.મીટર** વાળી બિનખેતીની જમીન/મિલકતના માલિક, મુખત્યાર અને કબજેદાર તરીકે શ્રીલ૯ ઇન્ફ્રાએવન્યુ એલએલપી - એક લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ ફર્મ માલિક, મુખત્યાર અને કબજેદાર તરીકે ચાલી આવેલ. મજકુર મિલકતના ટાઇટલ્સ સંપૂર્ણ બને છે.

(૫) સદરહુ યોજનામાં આવેલ મિલકતનાં વેચાણને લગતા તમામ પ્રકારનાં કરાર, સોગંદનામા, વેચાણ દસ્તાવેજ, અરજી વિગેરેમાં સહી-મતા કરવા, સબ-રજીસ્ટ્રાર કચેરીમાં કબુલાત આપવા, રેવન્યુ અથવા સીટી સર્વે રેકર્ડમાં નોંધ કરાવવા માટે પેઢી વતી **ખોડિદાસ નાથાભાઇ મોરડીયા,** ને વહીવટકર્તા ભાગીદાર તરીકે સત્તા અને અધિકાર આપવામાં આવેલ છે. જે સત્તા હાલની તારીખે અમલમાં છે તથા કોઇપણ પ્રકારે રદ કે કેન્સલ કરેલ નથી, તેવી સ્પષ્ટ ખાત્રી અને બાંહેધરી આપીને જ ઉપરોકત સત્તાનાં આધારે આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ છે.

(૬) તમોને વેચાણ આપેલ મિલકતમાં અમો બીજા પક્ષનાં સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારે લાગ-ભાગ, હક્ક-હિસ્સો નથી કે તેમાં કોઇનો ખોરાકી, પોષાકી તથા રહેઠાણનો હક્ક નથી. સદરહુ મિલકત અમોએ આ અગાઉ કોઇને ગીરો, વેચાણ, બક્ષીસ વિગેરેથી લખી આપેલ નથી તેમજ કોઇપણ શાહુકારની ટાંચ કે જપ્તિમાં નથી. એટલે કે સદરહુ મિલકત તદ્દન નકરજી, નજોખમી, બોજા રહિત, ચોખ્ખા ટાઇટલવાળી હોવાનું જણાવીને તમોને યાવતચંદ્ર દિવાકરો સુધી વેચાણ આપેલ છે. આમ છતાં ભવિષ્યમાં અમો બીજા પક્ષનાં તરફે કોઇ હિસ્સેદાર, દાવેદાર, વંશ, વાલી વિગેરે હરકોઇ હક્કદાર પેદા થઇ તમો અગર તમારા વંશ, વાલી, વારસો ઉપર દર-દાવો કે હક્ક-હિસ્સો કરે તો તે આ દસ્તાવેજથી રદબાતલ થાય સહી.

(૭) સદરહુ મિલકતમાં કોઇનાં જવા-આવવાનાં, હવા-ઉજાસ મેળવવાનાં, પાણીનાં નિકાલનાં કે બીજી કોઇપણ રીતનાં ઇઝમેન્ટનાં હક્કો નથી. તમોને વેચાણ આપેલ મિલકત સેલ્ફકન્ટેઇડ સ્વરૂપની છે. સદરહુ સોસાયટીમાં અન્ય મિલકત ધારકોનાં હક્કોની સલામતી રહે અને સભ્યો વચ્ચેનાં અંદરો-અંદરનાં હક્કો અને જવાબદારીઓ નિશ્ચિત થાય તે હેતુથી અમોએ સદરહુ મિલકત કેટલીક પૂર્વશરતોને આધિન વેચાણ આપેલ છે.

(૮) સદરહુ મિલકત અંગેનાં ટાઇટલ ડીડની ફકત ઝેરોક્ષ ફાઇલ અમોએ તમો પ્રથમ પક્ષનાંને સુપ્રત

| દસ્તાવેજનો પ્રકાર | મોજે ગામ | ટી.પી. નં. | એફ.પી. નં. | બિલ્ડીગનું નામ | ફ્લેટ નંબર | બિલ્ટઅપ ક્ષે. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ દસ્તાવેજ | વરીયાવ | ૩૭ | ૮૩ | **શુકન રીવર** | | |

| પહેલા પક્ષનાની સહી | બીજા પક્ષનાની સહી |
|---|---|
| | |

કરેલ છે, જે તમોએ જાતે તથા તેનાં વિશેષજ્ઞ દ્વારા જાણકારી મેળવીને તાપસી લીધેલ છે.

(૯) સદરહુ વેચાણ આપેલ મિલકત આખા પ્રોજેક્ટનો એક ભાગ હોઇ આ દસ્તાવેજમાં જણાવેલ તમામ નિયમો/શરતોનું પાલન તમો પ્રથમ પક્ષનાંએ કરવાનું રહેશે. જો તેનું પાલન નહી કરવામાં આવે, તો આ દસ્તાવેજ રદ કરવામાં આવશે. જેની સ્પષ્ટતા કરવામાં આવેલ છે.

(૧૦-૧) સદરહુ યોજના અંગે સંલગ્ન ઓથોરીટી દ્વારા આપવામાં આવેલ બાંધકામ પરવાનગી, આરંભ પ્રમાણપત્ર, બીનખેતી નકલ, મંજુર પ્લાન વિગેરે અસલ કાગળો તમોએ તપાસી લીધેલ છે અને તે મુજબ મિલકતનાં ક્ષેત્રફળ અંગે તમોને કોઇ વાંધો કે વિરોધ નથી કે ભવિષ્યમાં લેવાનો નથી. સદરહુ મિલકત જોઇ-તપાસી તથા ખાત્રી કરીને તમોએ કબજો, ભોગવટો સંભાળેલ છે. જેથી મિલકતનાં ટાઇટલ, ક્ષેત્રફળ વિગેરે બાબતે તમોને કોઇ વાંધો-તકરાર રહેતો નથી, તેવું તમો પ્રથમ પક્ષનાંએ કબુલ કરેલ છે.

(૧૦-૨) સદરહુ મિલકત સિવાય આખી યોજનામાં આવેલ કોમન વપરાશની તમામ જગ્યામાં દરેક મિલકતધારકોનો સહીયારો વપરાશી હક્ક ગણાશે. જેનો ઉપયોગ અન્ય કબજેદારને અટકાયત કે અવરોધ થાય તે રીતે કરવાનો નથી. સહીયારી સગવડોનો તમો ભાગ પાડી શકશો નહી કે તે ઉપર તમારો સ્વતંત્ર માલિકી હક્ક રહેશે નહી. સહીયારી સુવિધાઓનું વર્ણન આ દસ્તાવેજમાં શિડ્યુલ-૩ માં આપવામાં આવેલ છે.

(૧૦-૩) સદરહુ યોજનામાં આવેલ મિલકતોનાં માલિકોનું એક એસોસીએશન રચેલું છે, જે ગુજરાત ઓનરશીપ એક્ટ / ગુજરાત કો-ઓ. સોસાયટીઝ એક્ટ / નોન ટ્રેડીંગ એક્ટ અથવા અન્ય કાયદા હેઠળ રજીસ્ટર્ડ કરાવવાનું રહેશે. જેમાં તમારે ફરજીયાત સભ્ય થવાનું છે અને એસોસીએશન રજીસ્ટર્ડ કરાવવા અંગે જે કંઇ ખર્ચ થાય તેનો ફાળે પડતો ખર્ચ તમારે ચૂકવવાનો રહેશે. મજકુર યોજનાની સલામતી, રક્ષણ, મેઇન્ટેનન્સ તેમજ કોમન ફેસીલીટીની જાળવણી તેમજ સુખાધિકારની સુરક્ષા માટે જરૂરી સફાઇ કામદાર રાખવા, પાણી પૂરવઠો જાળવવા, ઇલેક્ટ્રીક મોટર ચલાવવી વિગેરે સહીયારી સુવિધાઓ બાબતની તમામ કાર્યવાહી ઓનર્સ એસોસીએશન સંભાળશે. મજકુર બાબતે કરવા પડતા તમામ પ્રકારનાં ખર્ચમાં તમોએ ડિપોઝીટ પેટે ફાળે પડતો હિસ્સો આપવાનો રહેશે. મજકુર યોજનાનાં એસોસીએશને સદરહુ ડિપોઝીટનાં વ્યાજમાંથી મેઇન્ટેનન્સ ખર્ચ કરવાનો રહેશે. જો ભવિષ્યમાં વ્યાજની આવક કરતા મેઇન્ટેનન્સ ખર્ચની રકમમાં વધારો થાય, તો જે-તે સમયે તમામ મિલકત ધારકોએ ફાળે પડતો ખર્ચ કે ડિપોઝીટની રકમ આપવાની રહેશે. અમો પ્રમોટરની માલિકીની યાને વેચાણ ન થયેલ મિલકત અંગેનાં મેઇન્ટેનન્સ ખર્ચની રકમ જયાં સુધી તેનું વેચાણ ન થાય ત્યાં સુધી અમારી કનેથી વસુલ કરવાની નથી, જે અંગે તમો પ્રથમ પક્ષનાંએ બાંહેધરી આપેલ છે. આમ, મજકુર યોજનામાં વેચાણ ન થયેલ મિલકતનો ખાલી કબજો અમો પ્રમોટરની કને હોઇ સોસાયટીનાં એસોસીએશનને અમારી કનેથી ઉપર જણાવેલ કોઇપણ પ્રકારનો ખર્ચ માંગવાનો અધિકાર રહેશે નહી.

(૧૦-૪) સદરહુ એસોસીએશનમાં એક વ્યક્તિ મેનેજર / સેક્રેટરી તરીકે કામ કરશે. આ મેનેજર / સેક્રેટરી યોજનાને લગતી કોઇપણ બાબતમાં કે સહીયારી સુવિધાઓની બાબતમાં કે બીજા કોઇપણને થતી તકલીફ અંગે વખતો વખત જે સૂચના આપે, તેનું તમારે પાલન કરવાનું રહેશે.

(૧૦-૫) વેચાણ દસ્તાવેજ બાદ યોજનામાં આવેલ સહીયારી સુવિધાઓનો ઉપયોગ/ઉપભોગ તમામ મિલકત ધારકોએ સમજી-વિચારીને કરવાનો રહેશે. જયારે અમો બીજા પક્ષનાં સોસાયટીનાં એસોસીએશનને જવાબદારી સોંપી આપીશું, ત્યારથી સદરહુ પ્રોજકટનાં તમામ પ્રકારનાં કરવેરા, જમીન મહેસુલ, લીઝ, મેઇન્ટેનન્સ ખર્ચ, લીફ્ટ મેઇન્ટેનન્સ ખર્ચ, ફાયર સેફ્ટી મેઇન્ટેનન્સ ખર્ચ, વોચમેન પગાર, સફાઇ કામદાર પગાર, કોમન વપરાશ માટેનો ઇલેક્ટ્રીક ચાર્જીસ, પાણી તથા ડ્રેનેજ લાઇન વિગેરેની તમામ જવાબદારી એસોસીએશનની રહેશે. જેની સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧૦-૬) સદરહુ મિલકત અંગે નામ/સાઇન બોર્ડ નિયત કરેલ જગ્યાએ નિયત કરેલ સાઇઝમાં રાખવાનું છે. એલોટીએ એન્ટ્રી ગેટ તથા મેઇન રોડની ડીઝાઇનમાં કયારેય ફેરફાર કરવાનો રહેશે નહી. આ ઉપરાંત યોજનાની અન્ય કોઇ જગ્યા ઉપર કોઇ લખાણ, બોર્ડ, ચિત્રો રાખી શકાશે નહી, તે બાબતે એસોસીએશન જે સ્થળ નક્કી કરે તે સાઇઝનાં અને તે જ સ્થળે તમો સદરહુ મિલકતનાં નામ/સાઇન બોર્ડ મુકી શકશો. આ બાબતે એસોસીએશન જે કંઇ નિયમો બનાવે તેનું તમોએ પાલન કરવાનું છે.

(૧૦-૭) તમો એલોટીએ એરકંડીશન કે અન્ય કોઇપણ પ્રકારની ચીજવસ્તુઓ કોઇને અડચણ કે નડતરરૂપ

| દસ્તાવેજનો પ્રકાર | મોજે ગામ | ટી.પી. નં. | એફ.પી. નં. | બિલ્ડીગનું નામ | ફ્લેટ નંબર | બિલ્ટઅપ ક્ષે. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ દસ્તાવેજ | વરીયાવ | ૩૭ | ૮૩ | **શુકન રીવર** | | |

| પહેલા પક્ષનાની સહી | બીજા પક્ષનાની સહી |
|---|---|
| | |

થાય તે રીતે રાખવાનાં નથી કે કોમન વપરાશની જગ્યામાં મુકવાનાં નથી. એરકંડીશનની કે અન્ય મશીનની ગરમ હવા તથા પાણી કોમન રસ્તા કે કોમન વપરાશની જગ્યામાં ન ફેંકાય તે રીતે મુકવાનાં છે.
(૧૦-૮) સમગ્ર યોજનામાં આવેલ ખુલ્લી જગ્યા, કોમન રસ્તા વિગેરેનો ઉપયોગ આવવા-જવા, વાહન લાવવા-લઇ જવા અથવા એસોસીએશન નક્કી કરે તે મુજબ કરવાનો રહેશે. એ રીતે આવી જગ્યામાં તમો એલોટીએ કોઇ માલ-સામાન રાખવાનો નથી તથા અન્ય કોઇ અડચણ ઉભી કરવાની નથી.
(૧૦-૯) ભવિષ્યમાં મિલકત અકસ્માતે પડી જાય કે નુકસાન થાય, તો તમોને વેચાણ આપેલ ક્ષેત્રફળ પૂરતો જ તમારો હક્ક રહેશે.
(૧૦-૧૦) સદરહુ મિલકત જે-તે સરકારી કે અર્ધ-સરકારી કચેરી, ગ્રામ પંચાયત, વિજળી કંપની, રેવન્યુ રેકર્ડ વિગેરેમાં અમારા નામે ચાલે છે, જેમાં દસ્તાવેજ થયેથી **૧૫ દિવસ** સુધીમાં તમારા ખર્ચે તમારું નામ દાખલ કરાવી લેવાનું રહેશે. જે અંગે જરૂરી તમામ અરજી, અહેવાલ વિગેરેમાં અમો બીજા પક્ષનાંએ સહી, સંમતિ, સાક્ષી વિગેરે આપવા-અપાવાનાં છે સહી. પરંતું જો તે બાબતે તમો ઢીલ કરશો, તો દસ્તાવેજની તારીખથી બાકી રહેલ તમામ લેણાં તમોએ ભોગવવાનાં રહેશે અને તેને લગતી તમામ કાનૂની કાર્યવાહીનાં જવાબદાર પણ તમો જ રહેશો, જેની સ્પષ્ટતા કરવામાં આવેલ છે.
(૧૦-૧૧) સદરહુ મિલકતને લાગતા તમોને કબજો સુપ્રત કરતા સુધીનાં તમામ પ્રકારનાં વેરા, મહેસુલ, ભરણાં વિગેરે અમો બીજા પક્ષનાંએ ભરપાઇ કરેલ છે. ત્યારબાદ આવા તમામ સરકારી, અર્ધ-સરકારી કે મ્યુનિસિપલ કોર્પોરેશનનાં વેરા, મહેસુલ, ભરણાં વિગેરે તમો પ્રથમ પક્ષનાંએ ભોગવવાનાં રહેશે. હવે પછી ભવિષ્યમાં આ દસ્તાવેજ બાબતે વધારાની સ્ટેમ્પ ડયુટી તથા સરકારશ્રી, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, નહેર ખાતું કે લાગુ અન્ય સરકારી, અર્ધ-સરકારી કચેરી વિગેરે દ્વારા નિયત કરવામાં આવતાં તમામ પ્રકારનાં ટેક્ષ, વેરા, ભરણાં વિગેરે ભરપાઇ કરવાનાં આવે, તો તે અંગેની તમામ જવાબદારી તમો પ્રથમ પક્ષનાંની રહેશે.
(૧૦-૧૨) સદરહુ મિલકતનાં ટાઇટલ સંપૂર્ણ રીતે કલીયર અને માર્કેટેબલ છે, જે તમોએ જાતે તથા તેનાં વિશેષજ્ઞ દ્વારા જાણકારી મેળવીને તાપસી લીધેલ છે. એ રીતે મિલકતનાં ટાઇટલ અંગે તમો લખાવી લેનારને કોઇ વાંધો કે તકરાર નથી. એ સિવાય મિલકતને લગતા તમામ ઉતરોત્તર લેખ-દસ્તાવેજોની ઝેરોક્ષ નકલો હમોએ તમોને સુપ્રત કરેલ છે. તેમ છતાં ભવિષ્યમાં જરૂર પડે ત્યારે તેની સર્ટીફાઇડ નકલો તમોએ તમારા ખર્ચે મેળવી લેવાની રહેશે, જેની સ્પષ્ટતા કરવામાં આવે છે.
(૧૦-૧૩) સદરહુ મિલકત અંગેનાં અમોએ પ્રમોટર તરીકેનાં તમામ પ્રકારનાં હક્કો તમોને સુપ્રત કરેલ છે. જે તમોએ જોઇ-તપાસી તેની ખરાઇ કરી-કરાવી કબુલ રાખેલ છે અને ખરીદેલ મિલકતનો કબજો વિના તકરારે સંભાળી લીધેલ છે.
(૧૦-૧૪) સદરહુ યોજનામાં તમો પહેલા પક્ષનાએ બીમ, કોલમ, વોલ તથા આર.સી.સી. સ્ટ્રકચરને કોઇ નુકસાન કરવાનું નથી તેમજ નુકસાન કરી શકે તેવા વજનદાર માલ-સામાન ભરવાનાં નથી. સદરહુ મિલકતનો ઉપયોગ તમો પહેલા પક્ષનાએ ગેરકાયદેસર ધંધા માટે તેમજ સળગી ઉઠે તેવા જોખમી પદાર્થો અગર કેમીકલ રાખવા માટે કરવાનો નથી, તેવું વચન અને ખાત્રી તમોએ આપીને આ વેચાણ દસ્તાવેજ કરાવેલ છે. જે તમોને તથા તમારા વંશ, વાલી, વારસો, એસાઇનીઝ, ભાડુઆત વિગેરે તમામને બંધનકર્તા રહેશે.
(૧૦-૧૫) સદરહુ મિલકતનો ઉપયોગ મંજુર પ્લાન, વિકાસ પરવાનગી તથા બીનખેતી હુકમમાં દર્શાવેલ હેતુ માટે જ કરવાનો છે. સોસાયટીમાં અન્ય મિલકતધારકોને ન્યુસન્સ થાય તે રીતે કોઇપણ એલોટીએ વર્તવાનું નથી તેમજ ઘોંઘાટ કે ગંદકી કરવાની નથી. કોઇપણ એલોટીએ કોઇની ધાર્મિક લાગણી દુભાય કે માનસીક ત્રાસ થાય તે રીતે વર્તન કરવાનું નથી. આ યોજનાની દીવાલોનો જાહેરાતનાં હેતુ માટે ઉપયોગ કરવાનો નથી. સદરહુ યોજનામાં કોમન વપરાશની જગ્યાઓનું રીપેરીગ કરવાનું થાય ત્યારે દરેક મિલકતધારકોએ સોસાયટીનું એસોસીએશન નિયત કરે તે મુજબ ફાળે પડતો ખર્ચ આપવાનો રહેશે. જો તેવા ખર્ચ આપવામાં કોઇપણ એલોટી કસુર કરશે, તો એસોસીએશનને મળતા તમામ હક્કો હમો પ્રમોટરનાં ગણાશે અને તે અંગે કાયદેસરની કાર્યવાહી કરી શકીશું. ભવિષ્યમાં કોઇપણ કારણોસર મિલકત પડી જાય, તો એલોટી જે-તે સમયનાં પ્રવર્તમાન નિયમો અનુસાર ફેર બાંધકામ કરી શકશે.
(૧૦-૧૬) તમામ એલોટીએ પોતાની મિલકતનો કચરો નિયત સ્થળ સિવાય કોઇ કોમન વપરાશની

| **દસ્તાવેજનો પ્રકાર** | **મોજે ગામ** | **ટી.પી. નં.** | **એફ.પી. નં.** | **બિલ્ડીગનું નામ** | **ફ્લેટ નંબર** | **બિલ્ટઅપ ક્ષે.** |
|---|---|---|---|---|---|---|
| વેચાણ દસ્તાવેજ | વરીયાવ | ૩૭ | ૮૩ | **શુકન રીવર** | | |

| **પહેલા પક્ષનાની સહી** | **બીજા પક્ષનાની સહી** |
|---|---|
| | |

જગ્યામાં કે અન્ય મિલકતધારકોને અડચણ કે ગંદકી થાય તે રીતે ફેંકવાનો નથી. સોસાયટીનું એસોસીએશન નિયત કરે, તે સ્થળ સિવાય અન્ય કોઇ જગ્યાએ કોઇપણ પ્રકારનો કચરો તમોએ નાંખવાનો નથી. સદરહુ યોજનામાં એલોટીએ પોતાની મિલકતમાં ઝડપથી સળગી ઉઠે તેવા પદાર્થનો સંગ્રહ કરવાનો નથી કે લાવવાનો નથી કે તેનો કોઇપણ હેતુ માટે ઉપયોગ કરવાનો નથી.

(૧૦-૧૭) સદરહુ યોજનામાં સહીયારી રીતે ભોગવવામાં આવતા ભાગનો જે કંઇ વેરો, લીઝ, વિગેરે સરકારશ્રી તરફથી માંગવામાં આવે, તો તે દરેક એલોટીએ ફાળે પડતો આપવાનો છે. જ્યારે તમોએ વેચાણ રાખેલ મિલકત અંગેનાં જે કંઇ વેરા, ભરણાં, ટેક્ષ વિગેરે ભરવાનાં થાય, તે વેચાણ દસ્તાવેજની તારીખથી તમોએ અંગત રીતે આપવાનાં રહેશે. ભવિષ્યમાં આ તમામ પ્રકારનાં વેરા, ટેક્ષ વિગેરેમાં વધારો થાય, તો તે તમોએ ભોગવવાનાં રહેશે.

(૧૦-૧૮) સદરહુ મિલકતનાં અંદરનાં ભાગમાં તમોએ કોઇપણ ફેરફાર કરવો હશે, તો સમગ્ર યોજના, અન્ય મિલકતધારકો, આજુ-બાજુની દિવાલ વિગેરેને નુકસાન ન થાય, તે રીતે બાંધકામનાં જે-તે સમયનાં નિયમો અનુઆર જરૂરી મંજુરી મેળવીને કરવાનો રહેશે. આવા બાંધકામ અંગેની સંપૂર્ણ જવાબદારી તમારી રહેશે અને તે અંગેનો તમામ ખર્ચ તમોએ ભોગવવાનો રહેશે. સદરહુ ફેરફાર કરવા માટે તમોએ કબજો સંભાળ્યા બાદ અને એસોસીએશનની રચના સુધી હમો બીજા પક્ષનાંની લેખીત મંજુરી મેળવવાની રહેશે. એસોસીએશનની રચના થયાં બાદ તેની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. આર.સી.સી.નાં કોલમ, બીમ, સ્લેબ વિગેરેને કોઇપણ સંજોગોમાં ડેમેજ કરી શકાશે નહી અને તેમ થતાં કાનૂની કાર્યવાહી પણ તમારી ઉપર થઇ શકશે.

(૧૦-૧૯) સદરહુ યોજનાનું નામ અમો બીજા પક્ષનાએ **શુકન રીવર** રાખેલ છે, તેમાં તમો કે સોસાયટીનું એસોસીએશન ક્યારેય કોઇપણ પ્રકારનો ફેરફાર કરી શકશો નહી કે બદલી શકશો નહી.

(૧૦-૨૦) આપણે બંને પક્ષકારો વચ્ચે થયેલ કોઇપણ દસ્તાવેજને લગતાં તમામ પ્રકારનાં કોર્ટ પ્રોસીડીગ્સ માટેનું જ્યુરીસ્ડીકશન **<u>સુરત શહેર</u>** રહેશે. જેની જાણ તમો પ્રથમ પક્ષનાંને કરવામાં આવેલ છે. સદરહુ જમીન અંગે ભવિષ્યમાં ટી. પી. સ્કીમ ફાઇનલ થયેથી તેમાં જે કંઇ ફેરફાર આવે, તે તમો પ્રથમ પક્ષનાંને બંધનકર્તા રહેશે.

(૧૦-૨૧) સદરહુ યોજનાની ડ્રેનેજ / પાણી / પ્લમ્બીગ સીસ્ટમમાં તમોએ કોઇપણ પ્રકારનો ફેરફાર કરવાનો નથી. જો તેમાં ફેરફાર કરવો હશે, તો એસોસીએશન તથા આજુ-બાજુનાં અન્ય મિલકત ધારકોની મંજુરી ફરજીયાત લેવાની રહેશે. જેની સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧૦-૨૨) **<u>કરાર રદ કરવા બાબત</u> :-** આ કરાર કોઇપણ જોગવાઇ, ઉક્ત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલાં નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ થવા પાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નક્કી કરવામાં આવે, તો આવી જોગવાઇઓ, આ કરારનાં હેતુ સાથે અસંગત હોય તે પૂરતી અને અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે અનુરૂપ હોવી જરૂરી હોય, તેટલા પ્રમાણમાં સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઇઓ, આ કરારનાં અમલ વખતે લાગુ પડતી હતી એ જ માન્ય અને અમલપાત્ર રહેશે.

(૧૦-૨૩) આ વેચાણ દસ્તાવેજને લગતાં તમામ ખર્ચ જેવા કે સ્ટેમ્પ, રજીસ્ટ્રેશન ફી, લખાણ ફી વિગેરે તમામ તમો પ્રથમ પક્ષનાંએ ભોગવેલ છે.

(૧૦-૨૪) સદરહુ તમોને વેચાણ આપેલ મિલકતનું ક્ષેત્રફળ મંજુર પ્લાનમાં દર્શાવ્યા મુજબનું છે. તેમજ તમો પહેલા પક્ષનાએ આ બાબતના નિષ્ણાંત વ્યક્તિ / એન્જીનીયર પાસે તપાસ કરાવી લીધેલ છે અને તમોને સંપુર્ણ સંતોષ થતા સદરહુ મિલકત ખરીદ કરેલ છે. તમામ મિલકત ધારકોને ખાસ સ્પષ્ટતા કરવામાં આવી છે, કે યોજનાનાં એક એકમ અને અન્ય એકમની સરખામણી કરતા ક્ષેત્રફળમાં આંશિક તફાવત હોઇ શકે છે. જે બાબત તમો પ્રથમ પક્ષનાંએ કબુલ રાખેલ છે. તમો પ્રથમ પક્ષનાં અમોને કબુલાત, સ્વીકૃતિ અને ખાત્રી આપેલ છે, કે ભવિષ્યમાં આ કારણે કોઇ તકરાર કે પ્રશ્ન ઉઠાવવામાં આવશે નહી.

(૧૦-૨૫) **<u>સોસાયટીની કોમન ફેસેલીટીઝ</u> :-** સદરહુ યોજનામાં આવેલ કોમન ફેસેલીટીઝ યાને એક્સ્ટ્રા એમેનીટીઝ જેવી કે કોમન સી.ઓ.પી., પાર્કિંગ, ખુલ્લી જમીન તથા ટેરેસ વિગેરેનાં વપરાશનો તમામ હક્ક તમો ખરીદનારનો રહેલો છે. મજકુર તમામ સુવિધાઓ યોજનાનાં તમામ સભ્યોએ સંયુકત રીતે વાપરવાની

| દસ્તાવેજનો પ્રકાર | મોજે ગામ | ટી.પી. નં. | એફ.પી. નં. | બિલ્ડીગનું નામ | ફ્લેટ નંબર | બિલ્ટઅપ ક્ષે. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ દસ્તાવેજ | વરીયાવ | ૩૭ | ૮૩ | **શુકન રીવર** | | |

| પહેલા પક્ષનાની સહી | બીજા પક્ષનાની સહી |
|---|---|
| | |

રહેશે. મજકુર તમામ સુવિધાઓ યોજના/સોસાયટીનાં હેતુ માટે જ ઉપયોગમાં આવે, તે હેતુથી બનાવેલ હોઇ જયારે અમો યોજના/સોસાયટીનું પ્રઝેશન સુપ્રત કરીએ ત્યારે તમો દરેક સભ્યોનો વાપરવાનો હક્ક-હિસ્સો રહેલો છે. જેમાં અમો વેચનારનો કોઇ હક્ક-હિસ્સો રહેશે નહી કે રાખીશું નહી. મજકુર યોજનાનું સર્વિસ સોસાયટી અંગેનું રજીસ્ટ્રેશન જીલ્લા રજીસ્ટ્રાર સમક્ષ કરાવીને તેનું પ્રમાણપત્ર અમોએ તમોને તથા સોસાયટીનાં તમામ સભ્યોને સુપ્રત કરવાનું રહેશે. સદર સોસાયટીના રજીસ્ટ્રેશન અંગેની કાર્યવાહી કરવાની થાય ત્યારે અમો કહીએ ત્યારે, અને કહીએ ત્યાં તમોએ સહીઓ અને સંમતિ આપવા ડોકયુમેન્ટ લઇને રૂબરૂ આવવાનુ રહેશે જે અંગે તમો પહેલા પક્ષના સંપુર્ણ સંમત થયેલ છો. આથી પ્રમોટ જાહેર કરે છે, સદરહુ પ્રોજેકટમાં આવેલ ટેરેસ, કોમન એરીયા વધારાની એફ.એસ.આઇ. ઉપર બી.યુ.સી. આવી ગયા બાદ કોઇપણ પ્રકારનો હક્ક અમો બીજા પક્ષના યાને પ્રમોટેરનો રહેતો નથી. આવા હક્કો અને અધિકારો સોસાયટી અથવા તમો પહેલા પક્ષના યાને ખરીદનારને પ્રાપ્ત થશે.

(૧૦-૨૬) સદરહુ તમોએ ખરીદ કરેલ મિલકત અંગે કાર તથા ટુ-વ્હીલર પાર્કિંગ માટે એસોસીએશન જે નિયમો બનાવે તે મુજબ જે-તે નિયત કરેલ સ્થળ ઉપર પાર્કીંગ કરવાનું રહેશે.

(૧૦-૨૭) સદરહુ યોજનાની કોમન એમીનીટીઝનાં કોઇપણ પ્રકારનાં વપરાશ માટેનાં ચાર્જીસ એસોસીએશન નક્કી કરે તે મુજબ ચૂકવવાનાં રહેશે. જે અંગે તમોએ કોઇપણ પ્રકારનો વાંધો કે વિરોધ કરવાનો નથી. આ ઉપરાંત તમોએ ખરીદ કરેલ મિલકત ભવિષ્યમાં વેચાણ, બક્ષિસ વિગેરે કરવાનાં સંજોગો ઉપસ્થિત થાય, ત્યારે મિલકત લખાવી લેનારનાં નામ જોગ એસોસીએશનને નામ ટ્રાન્સફરની અરજી કરવાની રહેશે. તેવી જ રીતે એસોસીએશન દ્વારા મિલકત ટ્રાન્સફર કરવાની મંજુરી અંગેનું એન.ઓ.સી. આપતા પહેલાં નક્કી કરેલ દર મુજબની ટ્રાન્સફર ફી ભરપાઇ થયેથી જ સોસાયટીનું એન.ઓ.સી. એસોસીએશન દ્વારા આપવામાં આવશે. ત્યારબાદ જ તમોએ ખરીદ કરેલ મિલકત બીજાને વેચાણ, બક્ષિસ વિગેરે કરી શકશો. જેની આપણે બંને પક્ષકારો વચ્ચે સ્પષ્ટતા કરવામાં આવે છે. એસોસીએશન દ્વારા મિલકત ટ્રાન્સફર ફી અંગે જે રકમ નિયત કરવામાં આવેલ હોય, તે જે-તે લખાવી લેનારને બંધનકર્તા રહેશે. એસોસીએશનનાં નિયમોનું પાલન કરવામાં નહી આવે, તેવા મિલકતધારકોને એસોસીએશન દ્વારા ત્રીજી નોટીસ મળ્યા બાદ આ વેચાણ દસ્તાવેજ કેન્સલ/રદબાતલ કરવામાં આવશે. જેની સ્પષ્ટ સમજણ સાથે આજરોજ તમો આ મિલકત ખરીદ કરવા તૈયાર થયેલ છો, જે તમોને બંધનકર્તા રહેશે.

(૧૦-૨૮) મિલકતધારકોએ પરસ્પર કોઇપણ પ્રકારની સમસ્યા, વાંધો, તકરાર વિગેરેનો ગુજરાત ઓનરશીપ એકટ-૧૯૭૩ ની જોગવાઇ મુજબ નિકાલ કરવાનો રહેશે તથા પ્રમોટરે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ ની જોગવાઇ હેઠળ સત્તાધિકારી પાસે નિકાલ કરવાનો રહેશે.

(૧૦-૨૯) સદરહુ યોજનામાં તમો પહેલા પક્ષના / સોસાયટી / જે તે હોદેદારોએ લીફ્ટ તથા ફાયર સેફ્ટી અંગેનું, ભીવષ્યમાં કોઇપણ નવા લાયસન્સ કે એન.ઓ.સી. મેળવવાનું થાય તો તે મેળવી લેવાનું રહેશે તથા સમયાંતરે રીન્યુ કરાવવાનું રહેશે. જે અંગે પ્રમોટરની કોઇ જવાબદારી રહેશે નહી. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૧૦-૩૦) **વિવાદનું નિરાકરણ** :- બંને પક્ષકારો વચ્ચેનાં કોઇપણ વિવાદનું સુમેળથી નિરાકરણ લાવવાનું રહેશે. જો કોઇપણ વિવાસનું નિરાકરણ સુમેળથી ન લાવી શકાય, તો રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ તથા તે હેઠળ નિયમો તથા નિયમન હેઠળ તેને સત્તા મંડળને મોકલવાની રહેશે.

(૧૦.૩૧) સદરહુ પ્રોજેકટ અંગેનું વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવી લીધા પછી, સદરહુ પ્રોજેકટમાં મળવા પાત્ર વધારાની એફ.એસ.આઇ. અને સદરહુ બિલ્ડીગોના ટેરેસ પર અમો બીજા પક્ષનાનો કોઇ પણ પ્રકારનો હક્ક અને અધિકાર રહેશે નહિ. અને આવા અધિકારો સદરહુ પ્રોજેકટના તમામ હોલ્ડરોના રહેશે.

(૧૧) સદરહુ મિલકત આખી યોજનાનો એક ભાગ એસોસીએશન દ્વારા નક્કી થતાં નિતિ-નિયમોનું પાલન કરવાની જવાબદારી તમો લખાવી લેનારની રહેશે.

(૧૨) પ્રમોટરે આ યોજનાની રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ-૨૦૧૬ની જોગવાઇ હેઠળ સત્તાધિકારી પાસેથી **રજીસ્ટ્રેશન નંબર** ................................................ થી ................ નાં રોજ નોધણી કરાવેલ છે.

(૧૩) સદરહુ તમોને વેચાણ આપેલ મિલકત મજકુર યોજનામાં આવેલ હોઇ મજકુર યોજનાનાં તમોએ

| દસ્તાવેજનો પ્રકાર | મોજે ગામ | ટી.પી. નં. | એફ.પી. નં. | બિલ્ડીગનું નામ | ફલેટ નંબર | બિલ્ટઅપ ક્ષે. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ દસ્તાવેજ | વરીયાવ | ૩૭ | ૮૩ | **શુકન રીવર** | | |

| પહેલા પક્ષનાની સહી | બીજા પક્ષનાની સહી |
|---|---|
| | |

ફરજીયાત સભ્ય થવાનું રહેશે.

(૧૪) સદરહુ મિલકત તથા જમીન અંગેનાં ટાઇટલ ડીડઝની વિગત નીચે મુજબ છે, જે તમોએ જોઇ-તપાસીને ખાત્રી કરેલ છે. તથા આ બાબતના નીષ્ણાત પાસે તમાસ કરાવી લીધેલ છે. જે અંગે તમોને કોઇ વાંધો નથી તથા તમોએ કબુલ રાખેલ છેઃ

(૧૪-૧) ગામ નમૂના નંબર ૭/૧૨ તથા ૮/અ ની કોમ્પ્યુટરાઇઝ નકલ.
(૧૪-૨) ગામ નમૂના નંબર ૭/૧૨ નાં સન ૧૯૪૮ થી ૨૦૧૭-૧૮ સુધીનાં ઉતારાની નકલ.
(૧૪-૩) ગામ નમૂના નંબર ૬ નાં ઉતારાની તમામ નકલ.
(૧૪-૪) સુડાનાં ઝોનીગ સર્ટીફિકેટની નકલ.
(૧૪-૬) સુડાનાં ઝોનીગ પ્લાનની નકલ.
(૧૪-૭) ફાઇનલ પ્લોટનાં પાર્ટ પ્લાનની નકલ.
(૧૪-૮) બીનખેતી હુકમની નકલ.
(૧૪-૬) વિકાસ પરવાનગી, બાંધકામ પરવાનગી તથા મંજુર પ્લાનની નકલ.
(૧૪-૭) **શ્રીલ૯ ઇન્ફ્રાએવન્યુ એલએલપી** નાં ડીડ/લેખની નકલ.
(૧૪-૮) ટાઇટલ કલીયર રીપોર્ટની નકલ.
(૧૪-૯) રેરા નોંધણીનું પ્રમાણપત્ર.

**<u>શિડ્યુલ-૧</u>**

**(<u>પ્રોજેકટવાળી જમીનની વિગત</u>)**

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરતસીટી-૪ (કતારગામ), તાલુકા સુરતસીટી (અડાજણ), શહેર સુરત, **<u>મોજે ગામ વરીયાવ</u>** ના રેવન્યુ સર્વે નંબર ૧૪૦૬, જેનો **<u>બ્લોક નંબર ૧૩૫૬-પૈકી-૧</u>** થી નોંધવામાં આવેલ બીનખેતીની જમીન, જેનું રેવન્યુ દફતર મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૧-૦૫-૮૪ ચો.મીટર પૈકી યાને ૧૦,૫૮૪ ચો.મીટર છે, અને આકાર રૂા. ૧૭૨૦.૦૦ પૈસા વાળી, કે જેનો **<u>ટી.પી.સ્કીમ નંબર ૩૭ (વરીયાવ)</u>** માં સમાવેશ થતા, તેને **<u>ફાઇનલ પ્લોટ નંબર ૮૩</u>** ફાળવવામાં આવેલ, જે ફાઇનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ **૬૮૮૦ ચો.મીટર** વાળી બિનખેતીની જમીન, ઉપર રહેઠાણનાં હેતુ માટે **<u>શુકન રીવર</u>** નામથી **એ, બી, સી, ડી, ઇ, એફ, જી, એચ** એમ કુલ ૮ (આઠ) બિલ્ડીગોનું આયોજન કરવામાં આવેલ.

**<u>મજકુર આખી યોજનાની ચર્તુદિશા નીચે મુજબ છે.</u>**

**પુર્વે** : લાગુ બ્લોક નં. ૧૩૫૨, ૧૩૫૩,
**પશ્ચિમે** : લાગુ કોતર,
**ઉતરે** : લાગુ કોતર,
**દક્ષિણે** : લાગુ બ્લોક નં. ૧૩૫૫,

**<u>શિડ્યુલ-૨</u>**

**(<u>પ્રોજેકટમાં વેચાણ આપેલ મિલકતની વિગત</u>)**

ઉપરોકત શિડ્યુલ-૧ માં જણાવેલ **<u>શુકન રીવર</u>** નામથી **એ, બી, સી, ડી, ઇ, એફ, જી, એચ** એમ કુલ ૮ (આઠ) બિલ્ડીગોનું આયોજન કરવામાં આવેલ, જે પૈકી **<u>બિલ્ડીગ નંબર</u>** ........ ના .................. **માળે** આવેલ **<u>ફલેટ નંબર</u>** .................. વાળી મિલકત, જેનું રેરા મુજબનું **કારપેટ** ક્ષેત્રફળ .................. **ચો.મીટર** તથા **બિલ્ટઅપ** ક્ષેત્રફળ .................. **ચો.મીટર** છે. મજકુર બિલ્ટઅપ ક્ષેત્રફળમાં વોશ તથા બાલ્કની એરીયાનું ક્ષેત્રફળ .................. **ચો.મીટર** નો સમાવેશ થાય છે. મજકુર મિલકત તેને લાગુ તળની જમીનમાં ફાળે પડતા વણ-વહેંચાયેલ હિસ્સાનું ક્ષેત્રફળ ..................ચો.મીટર સહીત તથા અન્ય તમામ રાસુકા વપરાશનાં હક્કો સહિત કુલ્લે દરોબસ્ત.

**<u>સદરહુ મિલકતની ચર્તુઃદિશા નીચે મુજબ છે.</u>**

**પુર્વે** :
**પશ્ચિમે** :

| દસ્તાવેજનો પ્રકાર | મોજે ગામ | ટી.પી. નં. | એફ.પી. નં. | બિલ્ડીગનું નામ | ફલેટ નંબર | બિલ્ટઅપ ક્ષે. |
|---|---|---|---|---|---|---|
| વેચાણ દસ્તાવેજ | વરીયાવ | ૩૭ | ૮૩ | **શુકન રીવર** | | |

| પહેલા પક્ષનાની સહી | બીજા પક્ષનાની સહી |
|---|---|
| | |

**ઉતરે :**

**દક્ષિણે :**

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ અમો બીજા પક્ષનાંએ અમારી રાજી-ખુશીથી, અક્કલ-હોશીયારીમાં વાંચી, વંચાવી, સમજી, વિચારી, તન-મનની સંપૂર્ણ સાવધ અવસ્થામાં, બિનકેફ હાલતમાં, કોઇનાં કોઇપણ જાતનાં દાબ-દબાણ કે ધાક-ધમકી વિના કરી આપેલ છે. જે અમો તથા અમારા વંશ, વાલી, વારસો તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

**અત્રે ............................................ મતુ**

**તત્રે ............................................ શાખ**

..........................................................................................

**શ્રીલ૯ ઇન્ફ્રાએવન્યુ એલએલપી - એક લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ ફર્મ** વતી અને તરફે તેના અધિકૃત અને વહિવટકર્તા ભાગીદાર તરીકે **ખોડિદાસ નાથાભાઇ મોરડીયા,**

..........................................................................................

..........................................................................................

**(સાક્ષીઓની સહી)**

| **દસ્તાવેજનો પ્રકાર** | **મોજે ગામ** | **ટી.પી. નં.** | **એફ.પી. નં.** | **બિલ્ડીગનું નામ** | **ફ્લેટ નંબર** | **બિલ્ટઅપ ક્ષે.** |
|---|---|---|---|---|---|---|
| વેચાણ દસ્તાવેજ | વરીયાવ | ૩૭ | ૮૩ | **શુકન રીવર** | | |

| **પહેલા પક્ષનાની સહી** | **બીજા પક્ષનાની સહી** |
|---|---|
| | |

| નોંધણી અધિનિયમની કલમ-૩૨(અ) મુજબ ફરજીયાત ફોટો તથા અંગુઠાની છાપ લગાવી દસ્તાવેજ સાથે રજુ કરવાની યાદી | | |
|---|---|---|
| **વિગત** | **ફોટો** | **ડા.હા.અં.નિશાન** |

**<u>પહેલા પક્ષના યાને ખરીદનાર</u> :-**

**- શ્રી**

x ......................................................

x.............. ..................

**<u>બીજા પક્ષના યાને વેચાણ આપનાર</u> :-**

**શ્રી૯૯ ઇન્ફ્રાએવન્યુ એલએલપી - એક લીમીટેડ લાયાબીલીટી પાર્ટનરશીપ ફર્મ વતી અને તરફે તેના અધિકૃત અને વહિવટકર્તા ભાગીદારી તરીકે ....**

**- ખોડિદાસ નાથાભાઇ મોરડીયા,**

x ......................................................

x.............. ..................

| **દસ્તાવેજનો પ્રકાર** | **મોજે ગામ** | **ટી.પી. નં.** | **એફ.પી. નં.** | **બિલ્ડીગનું નામ** | **ફ્લેટ નંબર** | **બિલ્ટઅપ ક્ષે.** |
|---|---|---|---|---|---|---|
| વેચાણ દસ્તાવેજ | વરીયાવ | ૩૭ | ૮૩ | **શુકન રીવર** | | |

| **પહેલા પક્ષનાની સહી** | **બીજા પક્ષનાની સહી** |
|---|---|
| | |